SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 69. ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના આદિવાસીઓનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

ગરાસિયા પ્રેમદાસ બસંતીલાલ
માર્ગદર્શક ડૉ. મંજુ કે. ખેર,

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં વસવાટ કરતા આદિવાસીઓનો મહત્વપૂર્ણ સાંસ્કૃતિક વારસો એ તેમની પ્રથમ ઓળખ છે. ભારતીય સંસ્કૃતિમાં કલા વારસો એ માનવ સંસ્કૃતિનું આવશ્યક અંગ તરીકે ઓળખાવામાં આવે છે. માનવ થકી કરવામાં આવતી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓનો સરવાળો એટલે સંસ્કૃતિ. વિશ્વમાં દરેક માનવ સમાજમાં કોઈને કોઈ સ્વરૂપે કલા સર્જાયેલી જોવા મળે છે. અને જયાં સુધી મનુષ્ય જાતિ આ ધરતી પર રહશે ત્યાં સુધી કલાઓનો વિકાસ થતો રહે છે. ઉત્તર ગુજરાતના આદિવાસીઓ નૃત્યકલાના શોખીન છે. લોકનૃત્ય એ આપણી સંસ્કૃતિનો મહામૂલો પરિપાક છે. વર્ષો પૂર્વે નદી કિનારે જયારે સંસ્કૃતિનું પારણુ બંધાયુ ત્યારે લોકનૃત્યનો પણ જન્મ થયો એમ કહી શકાય છે. સાબરકાંઠા જિલ્લામાં કરવામાં આવતાં નૃત્યોમાં સૌથી મહત્વનું નૃત્ય આદિવાસી ઢોલ નૃત્ય જાણીતુ છે. તેની સાથે બીજા અન્ય નૃત્ય જેવાકે દાંડીયા નૃત્ય જે હોળીના પ્રસંગે કરવામાં આવે છે. અને હાલેડી માંડવા નૃત્ય લગ્ન પ્રસંગે કરવામાં આવે છે. જેમા સ્ત્રીઓનું સ્થાન મહત્વનું હોય છે. નોરતાનું નૃત્ય ખાસ કરીને ખેડબ્રહ્મા વિસ્તારમાં વધારે પ્રમાણમાં કરવામાં આવે છે. ભજન મંડળીનું રાસનૃત્યએ ભક્તિભાવથી કરવામાં આવે છે. જે પુરુષોનુ ખાસ નૃત્ય છે. વર-કન્યાને પાટલા (બાજરઠ) પર બેસાડીને યુવક યુવતીઓ મૂરિયા નૃત્ય કરે છે. તે પણ લગ્ન પ્રસંગે કરવામાં આવે છે. આ નૃત્યકલા એ અહિના આદિવાસીઓની આગવી ઓળખ છે સાથે સંગીત કલાનુ પણ એટલુ જ મહત્વ રહેલું છે

**આદિવાસી ઢોલ નૃત્ય**

સાબરકાંઠા માં વસવાટ કરતા આદિવાસીઓ ઢોલ નૃત્ય કરે છે. આ તેમની આગવી ઓળખ છે.આ નૃત્ય ડુંગરી ગરાસિયા,ડુંગરીભીલ, સોખલા ગરાસિયા અને આદિમજાતિ કોથાડી વગેરેમાં ખુબજ જાણીતુ છે. તે પુરુષોનું નૃત્ય છે.આ નૃત્યમાં મોટા ઢોલ, થાળી અને કુંડી જેવા વાધો વપરાય છે. દેવ પ્રબોધિની એકાદશી પછી થી આ નૃત્ય શરૂ થાય છે. અહિંયા હોળી ના દિવસો નજીક આવતા જણાય ત્યારે ઢોલકુંડી તૈયાર કરવામાં આવે છે.હોળીનાં દિવસે પુરુષો ગોળાકાર સ્વરૂપે ગોઠવાઈજાય છે.અને ફરતા જઈને આ ઢોલ નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્યમાં સ્ત્રીઓ,બાળકો, પુરુષો સમુહમાં ભાગ લે છે. સ્ત્રીઓ પણ હાથમાં લેજામ લઈને પુરુષોની સાથે હોળી નૃત્ય કરે છે. જે તેમની સમુહ ભાવના બતાવે છે

**દાંડીયા નૃત્ય :**

સાબરકાંઠા વિસ્તારના આદિવાસીઓ 'દાંડીયા નૃત્ય' હોળીના બીજા દિવસે ધૂળેટી રમે છે. ત્યારે કેટલાક પુરુષો હાથ માં દાંડીયા લઈને ઢોલવાળા ની પાછળ પાછળ ગોળ ફરતા જઈને એકબીજા નાં દાંડીયા ને અથડાવતા જઈને આ નૃત્ય કરે છે. આ નૃત્ય કરતી વખતે ગીત ગાતા જણાય છે તેમાં ડુંગરી ગરાસિયા આદિવાસીઓમાં ગવાતા ગીત નાં કેટલાક શબ્દો અહિયાં રજુ કરવામાં આવ્યા છે. જે પ્રમાણે 'હેહાહ, હેહાહ, હેહાહ, હેહાહ"

**હાલેડી (હાલેણી ) માંડવા નૃત્ય :**

સાબરકાંઠા જિલ્લાનાં ભિલોડા, વિજયનગર, મેઘરજ, ખેડબ્રહમા ત્યારે વિસ્તારમાં લગ્ન પ્રસંગે ઉજવાતું આ નૃત્ય હજુ પણ પોતાનો વારસો જાળવી રાખીને કરવામાં આવે છે. આદિવાસીઓ આ નૃત્ય નાં સારા સંવાહક છે. આ નૃત્યમાં સ્ત્રીઓનું સ્થાન મહત્વનું છે. આ નૃત્ય સ્ત્રીઓ દ્વારા નિર્મિત થયેલુ છે. કયાંક પુરષો પણ આ નૃત્ય કરે છે.આ નૃત્ય માં ઢોલની કે શરણાઈની પણ જરૂર જણાતી નથી.લગ્નનાં દિવસોમાં ઢોલ શરણાઈનાં વાધો વપરાય છે.

આ નૃત્યમાં વર કન્યા મંડપ સજાવવામાં આવે છે.ત્યારે કરવામાં આવે છે. અહિયા 'હાલેડી'શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તે એક વૃક્ષ છે. તેની ૮ ફુટની ઉચી ડાળીઓ ને કાપી નાખીને જમીન માં ઘરની આગળ ઓસરી માં ૩ફુટ ખાડો જમીનની અંદર ખોદીને રોપવામાં આવે છે. ત્યાર પછી આ હાલેડી ને રોપ્યા પછી પીપળાના પાન બરાબર વચ્ચે મધ્યસ્થી નાડા સંડીથી બાંવક માં આવે છે. અને કકુથી

વર કન્યા જોડે તિલક કરવામાં આવે છે.આ હાલેડી એક જ હોય છે.જયારે તેની સાથે બીજી ત્રણ થામલી સાગની પાતળી હાથ જેવી જાડી તેના જેવીજ જ કાપવામાં આવે છે.અને તેને પણ હાલેડીની જેમ રોપવામાં આવે છે.ઉપર સાગના પાતળી ડાળીઓ અને પાંતળા વાંસનો ઉપયોગ કરીને ઢાંકવા માં આવે છે.તે સમયે સ્ત્રીઓ આ નૃત્ય કરે છે. જેઓ નૃત્ય કરતી વખતે ગીત ગાય છે.

**નોરતાનું નૃત્ય :**

"'ઉપોઢોલ ' વગાડવાની સાથે નોરતું-રમવાની શરૂઆત કરવામાં આવે છે. 'રાઈયો' અને ભોયામૂળ સ્થાન પર ફરીને પગને ટેકો લે છે. અને મોટેથી 'ફોઈ ની વચ્ચે માથુ હલાવી ને તલવારની મદદથી નાચે છે.તે વિવિધ પ્રકારે નાચી ને બધાને હસાવે છે.ત્યાર પછી દરેક જણ એકબીજાની બગલમાં હાથ નાખીને ગોળાકારે સાંકળ બનાવે છે. અને વર્તુળ આકાર ઝડપથી ફરીને નાચે છે. તેને 'નોરતાનું નૃત્ય'તરીકે ઓળખવામાં આવે છે. નોરતાની નાચવાની ગતિ મંદ પડે ત્યારે તારે સઈયો અને બીજા ભોયાઓને ચાબુકની મદદથી ખેંચી ને ફટકા મારે છે.આથી તેઓ નાચવા માટે વધુ આવેગ અનુભવે છે. અને ઝડપથી નાચવા લાગે છે.બુટ કોઈ એક નો ખોલરા માં પ્રવેશી ને કોઈ વસ્તુ શોધતો હોય તેવો અભિનય કરે છે. બુટ કોઈ એક નો ખોલરા માં પ્રવેશી ને કોઈ વસ્તુ શોધતો હોય તેવો અભિનય કરે છે. તે ઘરનો મોભ અને 'દાંડી' જોતો હોય એવો અભિનય કરે છે.

**ભજનમંડળી નું રાસ નૃત્ય :**

આ નૃત્ય કંઈક અલગ પ્રકારનું છે. જેમાં પુરુષોનો ફાળો નોંધપાત્ર રહેલો છે. જયારે કોઈક ના ઘરે ભજન મંડળી રાખેલી હોય છે. ત્યારે ભજન ગાતાં ગાતાં પુરુષો ભજન અને તબલાનાં તાલ સાથે રાસ રમતા હોય છે. તેને રાસ નૃત્ય તરીકે ઓળખવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લા ના વસવાટ કરતા આદિવાસીઓ બીજાનાં દિવસે અથવા જયારે કોઈ વ્યકિત ની બાધા હોય ત્યારે સત્સંગ રાખવામાં આવે છે. તે વખતે ગાયક પોતે સત્સંગ માં આગવી વિશિષ્ટતા પ્રદાન કરે છે. તેના પરથી ખ્યાક આવે છે. કે આદિવાસીઓ રાસ રમવાના પણ શોખીન હોય છે.

**મૂરિયા નૃત્ય :**

આદિવાસી સમાજમાં લગ્ન પ્રસંગે ખાસ કરીને આ નૃત્ય ખુબજ જાણીતુ છે.વર-કન્યા,ને પીઠી કર્યા પછી પાટલા પર બેસાડીને ઘરની બહાર ચોરાના ભાગમાં લાવે છે.અને ત્યા સ્ત્રી-પુરુષો બધા વર અને કન્યાની આજુ બાજુ ક્રમ પ્રમાણે ગોઠવાઈ જાય છે. અને વર-કન્યાને નચાવે છે. તેઓ એક બીજા ના ખભા પર હાથ નાખીને આ નૃત્ય કરે છે.ગોળ ગોળ ફરતા જાય અને ગીત ગાતા ગાતા જાયું છે. આ રીતે મુરિયા નૃત્ય કરે છે. આવુ નૃત્ય ભારતીય સભ્યાં અન્ય સમાજો માં . જોવા મળતું નથી.

સંદર્ભ ગ્રંથસૂચિ :


૧ ભારતીબેન શેલત.– 'આદિમ જાતિની સંસ્કૃતિઓ યુનિવર્સિટી
ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુ. રા અમદાવાદ, પ્ર. આ. ૧૯૯૩ .

૨ - પ્રભુદાસ પટેલ.'અરવલ્લીની લોકસંપદ: પાર્શ્વ પબ્લિકેશન,
અમદાવાદ, પ્ર૨૦૦૯ .આ .

૩ - હસુ યાજ્ઞિક .'ગુજરાતી લોકસાહિત્ય ગુજરાત સાહિત્ય
અકાદમી, ગાંધીનગર, પ્ર.૧૯૯૫ .આ .

૪ ઉત્તર ગુજરાતના સાબરકાંઠાના' તબિયાર .શૈલેષ ડી.ડો.
આદિવાસીઓનો સાંસ્કૃતિક વારસો દામિની પબ્લિકેશન્સ '
અમદાવાદ